# અભાપુરના ખેડૂતોનો તંત્રને લલકાર : હરણાવ નદી પર રીવરફ્રન્ટ માટે જમીન નહી આપીએ

હિંમતનગર, તા. ૨૦

વિજયનગરના પોળો ફોરેસ્ટ નજીકથી પસાર થતી હરણાવ નદીના કિનારે સરકાર દ્વારા પ્રવાસન ધામને વિકસાવવાના હેતુથી રીવરફ્રટ બનાવવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરવાનું નક્કી કરાયું છે. પરંતુ અભાપુર ગામના ૨૫ થી વધુ ખેડૂતોની બંધણા કિનારે આવેલી બંધણા ગામ પાસેની આ જમીન સરકારના ચોપડે નદીનું બેણું તરીકે રેકર્ડ પર છે અંદાજે ૩૦ એકર છે. સરકાર દ્વારા રીવરફ્રન્ટ બનાવવાની તૈયારીઓ કરી દેવાઈ છે.

પરંતુ હકિકતમાં આ જમીન અભાપુરના હયાત ખેડૂતોના વડવાઓએ વર્ષોથી કબ્જો ભોગવટો



ધરાવીને પરીવારનું ગુજરાન ચલાવ્યુ છે. જેના પુરાવારૂપે આ ખેડૂતો પાસે સાત બારના ઉતારા તથા પાણીપત્રકમાં નામ હોવાના આધારો હોવાથી તે જમીન જે તે ખેડૂતના નામે રહેવી જોઈએ જો સરકાર તેના માટે મહેસુલના નિયમ મુજબ થતી રકમ વસુલવા માંગે તો ખેડૂતો તે રકમ ભરવા માટે તૈયાર છે પરંતુ જમીનનો કબ્જો છોડવાની તૈયારી નથી. આગામી દિવસોમાં જો અભાપુરના ખેડૂતોની લાગણી અને માંગણી પ્રત્યે તંત્ર દ્વારા દુર્લક્ષ સેવવામાં આવશે તો તેના ગંભીર પરીણામો આવે તો નવાઈ નહી.

ગામ પાસે આવેલી ખેતીલાયક જમીન તંત્ર લઈ લીધા બાદ રીવરફ્રન્ટ બનાવવા માંગે છે. જેથી અભાપુરના ખેડૂતોએ ગુરૂવારે ધારાસભ્યની આગેવાનીમાં હિંમતનગર ખાતે એડીશનલ કલેક્ટરને આવેદન પત્ર આપીને લલકાર કર્યો છે કે અમારા વડવાઓના ભોગવટાની આ જમીન અમને મળવી જોઈએ જેના માટે અમો સરકારની નિયત ફી ભરવા માટે તૈયાર છીએ.

અભાપુરના ૨૫ થી વધુ ખેડૂતો તથા ધારાસભ્ય અશ્વિન કોટવાલે એડીશનલ કલેક્ટરને આપેલા આવેદન પત્ર મુજબ હરણાવ નદીના

# સહેલાણીઓમાં પ્રચલીત ભિલોડાના સુનસર ધોધની મુલાકાત લેતા પહેલા વિચારજો

## ગ્રામ પંચાયતે સહેલાણીઓએ એકઠા થવા પર પ્રતિબંધ લાધ્યો

અરવલ્લીની ગીરીમાળાઓમાં ભારત માતાના મંદિર પાસે આવેલો પ્રચલિત સુનસર ધોધ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતા અને ભિલોડામાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગના પગલે સુનસર ધોધ જીવંત થતા ધોધમાથી ખડખડ વહેતા પાણીનો નયનરમ્ય નજારો અને સોળેકળાએ ખીલી ઉઠેલી વનરાજીનો લૂફ્ત ઉઠાવવા મોટી સંખ્યામાં સહેલાણીઓ જોવા માટે ઉમટી રહ્યા છે ત્યારે કોરોના મહામારીના પગલે સુનસર ધોધને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે ગ્રામ પંચાયતે જાહેરનામુ બહાર પાડી સહેલાણીઓને એકઠા થવા પર પ્રતિબંધ લાદી દીધો છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડાના સુનસર ગામે ચોમાસાની ઋતુમાં નયનરમ્ય પ્રાકૃતિક સુનસર ધોધનો નજારો જોવા માટે જિલ્લાભરમાંથી સહેલાણીઓ ઉમટતા હોય છે. હાલ કોરોનાની મહામારીને લઈ સુનસર ગ્રામ પંચાયત દ્વારા ધોધની જગ્યાએ સહેલાણીઓને એકઠા ન થવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જે પ્રવાસી નિયમનો ભંગ કરશે તો રૂ.૧૦૦૦નો દંડ કરાશે.જયારે મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે રૂ.૫૦૦નો દંડ વસૂલવામાં આવશે.

અરવલ્લીની ગિરીમાળાઓ વચ્ચે સુનસર ગામે પાણીનો ધોધ વહે છે. ચોમાસાની ઋતુમાં સુનસર ધોધનો નજારો જોવા ઠેક ઠેકાણેથી લોકો આવે છે અને ધોધ નીચે ઉભા રહી સેલ્ફી ફોટો પડાવે છે.

આ નયનરમ્ય પ્રાકૃતિક ધોધનો નજારો એટલો સુંદર હોય છે કે ત્યાં લોકો ઉમટે છે. હાલ જિલ્લામાં કોરોનાની મહામારીના કારણે સુનસર ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી દ્વારા સુનસર ધોધની જગ્યાએ સહેલાણીઓને એકઠા ન થવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે પ્રવાસીઓ નિયમ ભંગ કરશે તો રૂ.૧૦૦૦નો દંડ વસૂલવામાં આવશે. મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે રૂ.૫૦૦ વસુલવામાં આવશે. આમ સુનસર ગ્રામ પંચાયત દ્વારા જાહેર સુચના દ્વારા લોકોને જાણ કરવામાં આવી છે.

**પ્રવાસીઓ નિયમ ભંગ કરશે તો ૧૦૦૦નો દંડ વસૂલવામાં આવશે. મોઢે માસ્ક અને રૂમાલ નહી બાંધનાર વ્યક્તિ સામે ૫૦૦ વસુલવામાં આવશે**





આવતીકાલથી ગણેશ ઉત્સવનો પ્રારંભ થનાર છે. જો કે ચાલુ વર્ષે કોરોનાની મહામારીને લઈને સરકાર દ્વારા જાહેરમાં ઉજવણી પર રોક લગાવવામાં આવતા બાપાના ભક્તો દ્વારા પોતાના ઘરે તેમજ રહેણાંક વિસ્તારોમાં ઉત્સવ ઉજવણી કરવામાં આવશે. ગણેશ ઉત્સવને લઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહે છે. બાયડ તથા બાયડ તાલુકા વગેરે સ્થળો ઉપર ગણપતિની મૂર્તિની સ્થાપના કરવામાં આવશે.

# હિંમતનગરવાસીઓ આનંદો : સ્વચ્છ સર્વેક્ષણમાં પાલિકા પ્રથમ આવી

## કેન્દ્રની ક્વોલિટી કંટ્રોલની ટીમે ચાર વખત હિંમતનગરનો સર્વે કર્યો : ગાંધીનગર રેન્જમાં હિંમતનગર પાલિકાની કામગીરી યશસ્વી દેખાઈ

હિંમતનગર, તા. ૨૦

કેન્દ્ર સરકાર દ્વારા એક વર્ષ અગાઉ ચાર તબક્કાઓમાં સમગ્ર દેશની નગરપાલિકાઓની સ્વચ્છતાની કામગીરી અંગે સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં હિંમતનગર નગરપાલિકાએ વર્ષ-૨૦૨૦માં કેન્દ્રિય કક્ષાએ ૨૬મો રેન્ક મેળવ્યો છે. તથા ગુજરાતમાં ચોથા ક્રમે રહી છે. ઉપરાંત ગાંધીનગર ઝોનમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને પાલિકાએ પોતાની કામગીરીના ઉજ્જવળ પાસાઓ પર દેશવાસીઓનું ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

આ અંગે પાલિકા પ્રમુખ અનિરૂદ્ધભાઈ સોરઠીયા તથા ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલાના જણાવાયા મુજબ કેન્દ્ર સરકારની ક્વોલિટી કંટ્રોલ (યુ.સી.આઈ.)ની ટીમે નગરપાલિકાની જાણ બહાર હિંમતનગરના વિવિધ વિસ્તારોની ગત જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૦ દરમિયાન સર્વેની કામગીરી કરવા માટે મુલાકાત લીધી હતી. જેમાં આ ટીમે શહેરના વિવિધ પ્રવેસદ્વાર, ગટર, પાણી તથા સફાઈની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

કેન્દ્રની આ ટીમે મુલાકાત લીધા બાદ તેનો અહેવાલ કેન્દ્ર સરકારને મોકલી આપ્યા બાદ હિંમતનગર નગરપાલિકાએ વર્ષ-૨૦૨૦માં કરેલી કામગીરીની સારી નોંધ લેવાઈ હતી. એટલું જ નહી પણ સ્વચ્છ સર્વેક્ષણમાં હિંમતનગર નગરપાલિકાએ કેન્દ્રમાં ૨૬મો રેન્ક મેળવ્યો છે. જ્યારે ગુજરાત કક્ષાએ હિંમતનગર નગરપાલિકાએ ચોથા નંબરે રહીને પોતાની કામગીરીની ગુજરાત સરકારને પણ નોંધ લેવડાવી હતી. જે હિંમતનગરવાસીઓ માટે ગૌરવ સમાન છે.

તેથી આગળ વધીને ગાંધીનગર ઝોનમાં અન્ય નગરપાલિકાઓને પાછળ રાખીને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જેથી આગામી સમયમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા વિકાસ કામો માટે ખાસ ગ્રાન્ટની ફાળવણી થવાની શક્યતા નકારી શકાતી નથી. પાલિકાના સૂત્રોના જણાવાયા મુજબ હિંમતનગર પાલિકા હસ્તકના વિવિધ વિસ્તારોમાં પ્રજાની સમસ્યાઓના નિરાકરણ માટે અધિકારીઓ તથા પદાધિકારીઓ સ્થળ મુલાકાત લઈને તેના ઉકેલ માટે જે પ્રયાસ કરે છે તેના પરીણામે ગાંધીનગર ઝોનમાં હિંમતનગર પાલિકાની કામગીરીની સારી નોંધ લેવાઈ છે જે કહેવુ અસ્થાને નથી.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા વિકાસલક્ષી કામોનું લોકાર્પણ તથા નવિન સંપનું ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાના વિકાસ લક્ષી કામોનું લોકાર્પણ તેમજ નવિન સંપનું ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો.

પ્રાંતિજ નગરપાલિકા દ્વારા ગત વર્ષેમાં થયેલ વિકાસલક્ષી કામોનું લોકાર્પણ તેમજ આગામી ઉપપ્રમુખ નયનભાઈ દેસાઈ, તાલુકા પ્રમુખ બળવંતભાઈ પટેલ, શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ, નગરપાલિકાના કોર્પોરેટરો ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા તો પંડિત દિન દયાલ ઉપાધ્યાય સ્પોર્ટ કોમ્પલેક્ષ જીમ



સમયમાં થનાર કામોનું ખાતમુહૂર્ત પ્રસંગે સાબરકાંઠા - અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તો નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, કારોબારી અધ્યક્ષ કોકીલાબેન પટેલ, સેન્ટરનું લોકાર્પણ વાર્ડ-૩ના કોમ્યુનીટી હોલનું લોકાર્પણ તેમજ યુ.ડી.પી યોજનાની રૂ.૩૭ લાખની ગ્રાન્ટમાંથી સાડા બાર લાખ લીટર પાણીની ક્ષમતાના નવિન સંપનુ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાથે સાથે શેઠ પી. એન્ડ આર. હાઈસ્કુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

# માતાને દારૂ પીને માર મારતા પિતાની પુત્રએ હત્યા કરી

## ભિલોડાના બોલુન્દ્રા ગામે ઘાતક હથિયારના ઘા ઝીંકી પુત્રએ પિતાને મોતને ઘાટ ઉતાર્યા

ભિલોડા, તા. ૨૦

દારૂની લતના કારણે ઘણા ઘર બરબાદ થઈ ગયા છે. ઘણીવાર એવા કિસ્સાઓ



પ્રકાશમાં આવ્યા છે કે દારૂની વાતને લઈને પિતાના હાથે પુત્રની અથવા તો પુત્રના હાથે પિતાની હત્યા થઈ હોય. ત્યારે પુત્રના હાથે પિતાના હત્યાનો કિસ્સો અરવલ્લી જીલ્લાના એક ગામમાં પ્રકાશમાં આવ્યો છે. ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામે બુધવારે રાત્રીએ દારૂ પીને માતા સાથે વારંવાર મારઝૂડ કરતા પિતાની હરકતથી તંગ આવી ગયેલા પુત્રએ પિતાને માથાના ભાગે ઘાતક હથિયારના ઘા ઝીંકી હત્યા કરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. હત્યાની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હત્યા પુત્રએ પિતાની હત્યા કરી દેવાની ચકચારી ઘટના ઘટતા ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમ ઘટનાસ્થળે મૃતકની લાશને પીએમ માટે ખસેડી હત્યારા પુત્રને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પુત્રએ પિતાને મોતને ઘાટ ઉતારી દેતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી.

ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામે રહેતા ધુળાભાઈ નાથાભાઈ તરાર (ઉ.વર્ષ-૫૮) દારૂ પીવાની ટેવ હતી ધુળાભાઈ દારૂ પીને અવારનવાર પરિવાજનો સાથે ઝગડા થતા હતા. ધુળાભાઈ દારૂના નશામાં તેમના પત્ની લીલાબેન મારઝૂડ કરતા હોવાથી તેમના પુત્ર દિનેશ ધુળાભાઈ તરાર માતા સાથે મારઝૂડ ન કરવા વારંવાર સમજાવવા છતાં પિતાની માતા સાથે મારઝૂડ યથાવત રહેતા પિતાની ટેવથી વાઝ આવી ગયેલા પુત્રએ ગુરુવારે રાત્રે ધુળાભાઈને ઘાતક હથિયારના ઘા મારતા ઘટનાસ્થળે જ પિતાનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પુત્રએ જ પિતાની હત્યા કરતાં માતા પણ ચોકી ઉઠી હતી હત્યાના પગલે આજુબાજુથી પરિવારજનો અને લોકો દોડી આવતા હત્યારો પુત્ર ફરાર થઈ ગયો હતો. લીલાબેન માટે પતિની દારૂ પીવાની લતના લીધે પુત્રએ જ પિતાની હત્યા કરતા દારૂની બદીને પગલે માથાનું સિંદૂર ભુંસાયું હતું અને પુત્ર જેલમાં જવાનો વારો આવતા ઘડપણનો સહારો ઝુંટવાઈ જતા બેશુદ્ધ જેવી હાલત થઈ હતી. ભિલોડા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી ઘટનાસ્થળે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.



## ખેડવા ડેમમાંથી ૧૫૦૦ ક્યુંસેક પાણી છોડવામાં આવતા નદીમાં એક ફસાયો, સ્થાનિક તરવૈયાએ બચાવ્યો

કૌસંબી નદીમાં પરોયા ગામના વતની પરમાર જયન્તીભાઈ નાનજીભાઈ નદીની વચ્ચે ફસાઈ ગયા હતા જેને પરોયા ગામના વતની તરવૈયા ગમાર રામાભાઈ હોમાભાઈ નદીમાં જઈ હેમખેમ બચાવીને લાવ્યા હતા. બંન્ને લોકો હાલમાં એકદમ સ્વસ્થ અને તંદુરસ્ત છે.

# ડીસા બનાસના પટમાંથી વધુ એક મૃતદેહ મળ્યો

ડીસા, તા. ૨૦

કોરોના મહામારી વચ્ચે ડીસા બનાસ નદીના પટમાંથી એક આશાસ્પદ યુવકનો મૃતદેહ મળી આવતાં ખળભળાટ મચી ગયો છે. યુવકના શરીર ઉપર છરી જેવા ઘાતક હથિયાર વડે ઘા માર્યા હોય તેવા નિશાન જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો સહિત મોટી સંખ્યામાં ટોળાં એકઠા થયા હતા. જે બાદ ડીસા તાલુકા પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના ડીસામાં આજે સવારના સમયે હત્યા કરાયેલી હાલતમાં યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ છે.

# આંતર રાજ્ય વાહનચોરીમાં સંડોવાયેલી મેક્સી ગેંગના ત્રણ શખ્સો પકડાયા

## એલસીબીએ વોચ ગોઠવીને દાવડ પાસેથી ગેંગને દબોચી લીધી : જાદર, ઈડર સહિત ૧૭ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો

હિંમતનગર, તા. ૨૦

ગુજરાત અને રાજસ્થાનમાંથી વાહનોની ચોરી કરતી મેક્સી ગેંગના ત્રણ શખ્સોને ગુરૂવારે સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે દેશોતરથી ઈલોલ રોડ પર આવેલ દાવડ નજીકથી ઝડપી લઈને પુછપરછ બાદ પોલીસને ૧૭ વાહનચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. ત્યારબાદ પોલીસે ત્રણ સભ્યો પાસેથી અંદાજે રૂ. ૪.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો છે.

રાજસ્થાનના ઉદેપુર તથા સાબરકાંઠાના જાદર, ઈડર સહિતના અન્ય સ્થળેથી છેલ્લા કેટલાક સમયથી દ્વિચક્રિ વાહનોની ચોરી થયાની ફરીયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં નોંધાયા બાદ બંને રાજ્યોની પોલીસ હરકતમાં આવી હતી. દરમિયાન ગુરૂવારે સાબરકાંઠા પોલીસને એવી બાતમી મળી હતી કે વાહનચોરી કરતી રાજસ્થાનની મેક્સી ગેંગના ત્રણ શખ્સો દેશોતરથી ઈલોલવાળા રોડે થઈને હિંમતનગર તરફ વાહન લઈને આવી રહ્યા છે.

જે આધારે એલસીબીની ટીમે દાવડ નજીક વોચ ગોઠવીને વાહનોનું ચેકીંગ શરૂ કર્યુ હતુ. જેમાં વાહન પર આવી રહેલ કોટડા છાવણી તાલુકાના ઉમ્બરીયા ગામનો દિનેશભાઈ લાલાભાઈ ગમાર, મેડી ગામના શ્રવણભાઈ રમેશભાઈ પારધી તથા કોટડાછાવણીના સડા ગામના દિલીપ ઉર્ફે દીપો લક્ષ્મણભાઈ પારધી દ્વિચક્રિ વાહન પર ખોટી નંબર પ્લેટ લગાવીને આવ્યા હોવાનું જણાયુ હતુ. જેથી પોલીસે જાદર પોલીસ સ્ટેશનની હદમાં આવેલ દાવડ નજીકથી આ ત્રણેય જણાને ઝડપી લઈ બાઈકના કાગળો માગ્યા હતા પરંતુ તેઓ રજુ કરી શક્યા ન હતા.

ત્યારબાદ એલસીબીની ટીમે આ ત્રણેયને યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા તેમણે સાબરકાંઠા જિલ્લામાં જાદર, ઈડર, ઉદેપુર, વડાલી સહિતના અન્ય પોલીસ સ્ટેશનોની હદમાંથી અંદાજે ૧૭ વાહન ચોરી કરી હોવાનું કબુલ્યુ હતુ. ત્યારબાદ પોલીસે તેમને સાથે રાખીને અંદાજે રૂ. ૪.૭૫ લાખના વાહનો સહિત મોબાઈલ તથા રોકડ મળી અંદાજે રૂ. ૨૮ હજારની મત્તા કબ્જે લીધી હતી.

# હિંમતનગરના રહિશનું પેટીએમ અપડેટ કરવાના બહાને ૩૮ હજારથી વધુની ઠગાઈ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના હડીયોલ રોડ પર આવેલ વેદાંત બંગ્લોઝમાં રહેતા એક રહીશને એક માસ અગાઉ મોબાઈલ પર અજાણ્યા શખ્સે પેટીએમ અપડેટ કરવાના બહાને કેટલાક પુરાવા માંગી લીધા બાદ આ શખ્સે તબક્કાવાર હિંમતનગરના શખ્સના ખાતામાંથી અંદાજે રૂ. ૩૮,૪૮૯નો ઓનલાઈન ઉપાડ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. જેથી આ શખ્સ વિરૂદ્ધ બુધવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

આ અંગે વેદાંત બંગ્લોઝમાં રહેતા કલ્પેશકુમાર હિરાલાલ પટેલે ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૨ જુલાઈના રોજ સાંજના સુમારે એક અજાણ્યા શખ્સે મોબાઈલ નં. ૭૦૦૪૩૯૭૧૩૭ પરથી ફોન કરીને જણાવ્યુ હતુ કે હું પેટીએમમાંથી બોલુ છુ અને તમારે પેટીએમનું અપડેટ કરવાનુ કહી કેટલાક આધાર પુરાવા માંગી લીધા હતા. ત્યારબાદ આ અજાણ્યા શખ્સે કલ્પેશકુમાર પટેલના એક્સીસ બેંકના ખાતામાંથી ક્રેડીટકાર્ડના આધારે તબક્કાવાર અંદાજે રૂ. ૩૮,૪૮૯નો ઓનલાઈન ઉપાડ કરી લીધો હતો.

ત્યારબાદ આ અંગે કલ્પેશભાઈ પટેલને ખબર પડતા તેમણે અજાણ્યા શખ્સના મોબાઈલ નંબરને આધારે આ શખ્સ વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરવા બદલ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



## પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર લાખ્ખો રૂપિયાના ખર્ચે ઉભી કરેલ સ્ટ્રીટ લાઇટો બંધ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ સ્ટ્રીટ લાઈટો છેલ્લા કેટલાય સમયથી બંધ રહેતા આ વિસ્તાર ના રહીશો દ્વારા રજુઆત બાદ પણ પાલિકા દ્વારા કોઈજ કાર્યવાહી હાથના ધરાતા રહીશોમાં રોષ. પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર લાખ્ખો રૂપિયાના ખર્ચે ઉભી કરવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો હાલ અડધોઅડધ બંધ છે. તો બીજીબાજુ ચોમાસાની સીઝનમાં લોકોને અંધારપટ હોવાથી અવરજવરમાં તકલીફો પડી રહી છે ત્યારે આ વિસ્તારના રહીશો દ્વારા પાલિકામા રજુઆતો કરવા છતા પણ પાલિકા હાલ તો ઘૌર નિદ્રામાં હોય તેવુ સ્પસ્ટપણે જણાઈ આવે છે.